# મોબાઈલ એપ ફેસ્ટિવલ-૨૦૧૩ ગુજરાતના યુવકો સર્વોચ્ચ પુરવાર

■ મીડિયા પાર્ટનર 'સંદેશ' અને ટીવી પાર્ટનર 'સંદેશ ન્યૂઝ'ના સહયોગ સાથે આયોજીત ફેસ્ટિવલને ભવ્ય સફળતા

અમદાવાદ, તા. ૨૮

મોબાઈલ એપ ફેસ્ટિવલ ૨૦૧૩નાં અંતિમ દિવસે આઈઆઈએમનું કેમ્પસ વિનર્સની ચિચિયારીઓથી ગુંજી ઊઠ્યું હતું, ફેસ્ટિવલના અંતિમ દિવસે વિનર્સનાં નામ જાહેર કરવામાં આવ્યા હતા, જોકે પ્રથમ અને દ્વિતીય પુરસ્કાર ગુજરાતના એપ ડેવલપર્સને ફાળે ગયું હતું. એપ્લિકેશન્સના ડેવલપર્સને સ્પર્ધાત્મક પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદેશ સાથે યોજાયેલા ત્રણ દિવસનાં એપ ફેસ્ટિવલ ૨૦૧૩નું આયોજન ઇન્ટરનેટ એન્ડ મોબાઇલ એસોસિયેશન ઓફ ઇન્ડિયાએ કર્યું હતું અને જેના મીડિયા પાર્ટનર 'સંદેશ' અને ટીવી પાર્ટનર 'સંદેશ ન્યૂઝ' હતા.

ફેસ્ટિવલના બીજા દિવસે હેકેથોન અને ચેલેન્જથોનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દેશના આશરે ૨૫૦ જેટલા સ્પર્ધકોએ ૯૦ જેટલી એપ્લિકેશન આઈઆઈએમના કેમ્પસમાં રહીને જ અને માત્ર ૨૪ કલાકમાં જ ડેવલપ કરવાની હતી. જ્યારે અંતિમ દિવસે જે લોકો હેકેથોન અને ચેલેન્જથોનમાં જોડાયા હતા તેમણે જે એપ્લિકેશન ડેવલપ કરી હતી તેને જજીસ સામે પ્રેઝન્ટ કરી હતી. હેકેથોનમાં ૪૨ જ્યારે ચેલેન્જથોનમાં ૧૫ ટીમે જે એપ્લિકેશન ડેવલપ કરી હતી તેને પ્રેઝન્ટ કરી હતી. હેકેથોનમાં ગુજરાતની એપ્લિકેશન ડેવલપર્સ કંપની સ્પેસ-ઓના સીઈઓ રાકેશ પટેલની ટીમે પ્રથમ ક્રમ મેળવ્યો હતો જેમને રૂ. ૭૫ હજાર પુરસ્કારરૂપે આપવામાં આવ્યા હતા, જ્યારે દ્વિતીય પુરસ્કાર રૂ. ૪૦ હજાર અમદાવાદની દેવલ તલાટીની ટીમને આપવામાં આવ્યું હતું. ચેલેન્જથોનમાં પણ ગુજરાતી યુવકો ચમક્યા હતા, જેમ કે પરેશ માયાણીની ટીમે પ્રથમ ક્રમ મેળવ્યો હતો, જ્યારે દ્વિતીય ક્રમે ચિનબ શાહ, સૌરભ, તેના સાથી વિજય થયા હતા. તૃતિય ક્રમે અમદાવાદના હર્ષલ શાહની ટીમને વિનર જાહેર કરવામાં આવી હતી આ બન્નેને એપ બનાવતી કંપની તરફથી પ્રોજેક્ટ આપવામાં આવ્યો હતો. વિજેતાઓને ગુજરાત એંજલ્સના ફાઉન્ડર સુનિલ પારેખના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.







## ડિક્શનરી, પુસ્તકો પરની એપ્લિકેશન છવાઇ

એપ્સ ફેસ્ટિવલ ૨૦૧૩માં હેકેથોન સેકશનમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયેલા રાકેશ પટેલ, ગૌરાંગ, તરુણ, નિસર્ગ, અમિત, વિજયએ જે એપ્લિકેશન બનાવી હતી તે બુક્સ શેરિંગ થીમ પર આધારીત છે. આ એપ્લિકેશનને બૂક બાર્ટર નામ આપવામાં આવ્યું છે, જેના માધ્યમથી પુસ્તકોને મિત્રોની સાથે શેર કરી શકાય છે. જ્યારે દ્વિતિય ક્રમે જે એપ્લિકેશને બાજી મારી હતી તેની થીમ ડિક્શનરી છે, અંગ્રેજીને અન્ય ભાષામાં ભાષાંતર કરતી આ એપ્લિકેશનને અમદાવાદની દેવલ તલાટી, હિતેશ, કેયુરે મળીને બનાવી છે. દેવલ તલાટીએ જણાવ્યું હતું કે આમ તો બજારમાં અનેક ડિક્શનરી ઉપલબ્ધ છે પણ આ ડિક્શનરીની વિશેષતા એ છે કે તે બ્રાઉઝ કરેલી કન્ટેન્ટમાંથી પણ કોઇ શબ્દને સિલેક્ટ કરો તો તેને ઓનલાઇન જ ટ્રાન્સલેટ કરી આપે છે. તૃતિય ક્રમે હૈદરાબાદનાં ફાની તેજાએ સોશિયલ નેટવર્કિંગ પર આધારીત હેકર મીટ નામની એપ્લિકેશન બનાવી હતી જેને ત્રીજો ક્રમ મળ્યો હતો.

## ગુજરાતનો સારો રિસ્પોન્સ મળ્યો : આયોજક

ઇન્ટરનેટ એન્ડ મોબાઇલ એસોસિયેશન ઓફ ઇન્ડિયાના એક્ઝિક્યૂટિવ એડિટર નીલોતપાલ ચક્રવર્તીએ સંદેશ સાથીની વાતચીતમાં જણાવ્યું હતું કે ગુજરાતના એપ્લિકેશન ડેવલપર્સ તરફથી સારો સહકાર મળ્યો હતો, તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના યુવકોએ જે એપ્લિકેશન બનાવી છે તે સમાજ માટે ઘણી ઉપયોગી છે.

## ટ્રાવેલિંગ પર એપ્લિકેશન બનાવનાર પણ વિજેતા

હેકેથોનની સાથે ચેલેન્જથોન એટલે કે એપ્લિકેશન બનાવતી કંપનીએ સામે ચાલીને સ્પર્ધકને એપ્લિકેશન બનાવવાની ચેલેન્જ કરી હતી. જોકે યોગાનુયોગ ચેલેન્જથોનમાં પણ ગુજરાતનાં યુવકો છવાયેલા રહ્યા હતા, પ્રથમ ક્રમે પરેશ માયાણી, કેવિન, સાહેલ, વિશાલ, નિમીતને પુરસ્કાર આપવામાં આવ્યો હતો, જેમણે ટ્રાવેલિંગ પર આધારીત એપ્લિકેશન ડેવલપ કરી હતી, તો દ્વિતીય ક્રમે ચિનબ શાહ, સૌરભ, તેના સાથી વિજય થયા હતા. તૃતિય ક્રમે હર્ષલ શાહ, ચિરાગ, શૈલેશને પુરસ્કાર આપવામાં આવ્યા હતા, તેમણે પણ ટ્રાવેલિંગ પર આધારીત જ થીમ બનાવી હતી. પ્રથમ એપ્લિકેશનના ઉપયોગથી માત્ર સ્થળનું નામ નાખવાથી જ તેની આસપાસના જરૂરી સ્થળો જેમ કે હોટેલ્સ, રેલવે સ્ટેશન, બસ સ્ટોપ વગેરેની માહિતી અને તેનું અંતર મળી રહેશે, તો બીજી એપ્લિકેશન પણ ટ્રાવેલિંગ થીમ પર જ આધારીત છે.